## ભજન:૭

### એવા આત્માને ઓળખ્યા...

એવા આત્માને ઓળખ્યા વિના રે
　　આ લખ ચોર્યાસી નહીં રે મટે રે જી.
આ ભ્રમણાને ભાંગ્યા વિના રે
　　આ ભવના ફેરા નહીં રે ટળે રે જી.

આ કોયલને કાગ રે હે રંગે રુપે એક છે હો જી.
　　કોયલ એની વાણી રે થકી ઓળખાય રે...એવા...

આ હંસલોને બગલો રે હે રંગે રુપે એક છે હો જી.
　　હંસલો એના આહાર થકી ઓળખાય રે...એવા...

આ સતી અને ગુણિકા રે હે રંગે રુપે એક છે હો જી.
　　સતી નારી એની સેવા થકી ઓળખાય રે...એવા...

આ ગુરુના પ્રતાપે રે મીરાબાઇ બોલીયા રે હો જી.
　　દેજો અમને સંત ચરણમાં વાસ રે...એવા...